અપીલ અરજી નં.૨૩૪ તા.૨૮–૧૦ –૧૦/૧૧

અરજદારઃ– શ્રી રમેશચંદ્ર મહેન્દ્રલાલ મહેતા
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશચંદ્ર મહેન્દ્રલાલ મહેતાની તા.૩૦–૦૮–૧૦ની અરજીથી વોર્ડ નં.૯ ઘર નં.૧૨૬૫/૬૬ મિલકતની વેરાની આકારણી ,એસેસમેન્ટ નકલ, ખાસ નોટીસ વેરાબુલની ચૂકવણી ૧૯૮૬ થી માહિતી તથા ચેરીટેબલ કમિટિની પરવાનગી પ્લાન કે આકારણી વખતેની ટ્રસ્ટી તથા માલિકોની સંમતિની નકલની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૮–૧૦–૧૦ ની **SMC/FAP/** નં.૨૩૪/૨૦૧૦–૧૧

શ્રી રમેશચંદ્ર મહેન્દ્રલાલ મહેતાની તા.૩૦–૦૮–૧૦ની અરજીથી વોર્ડ નં.૯ ઘર નં.૧૨૬૫/૬૬ મિલકતની વેરાની આકારણી ,એસેસમેન્ટ નકલ, ખાસ નોટીસ વેરાબીલની ચૂકવણી ૧૯૮૬ થી માહિતી તથા ચેરીટેબલ કમિટિની પરવાનગી પ્લાન કે આકારણી વખતેની ટ્રસ્ટી તથા માલિકોની સંમતિની નકલની માહિતી આપવા બાબતે આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૮–૧૦–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૯૧૬ તા.૧૧–૧૧–૧૦ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં મુળ અરજીની નકલ તથા મળેલ પ્રત્યુત્તરની નકલ સામેલ કરેલ જણાતી નથી. ચકાસી તે અંગે તથા માંગ્યા પૈકી નહીં મળેલ વિગતો સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી. જયારે અરજદાર તરફથી તા.૧૬–૧૧–૧૦ ના પત્ર તથા તેની સાથે મુળ અરજીની નકલ જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતીનો પત્ર, ખાસ નોટીસની બે નકલ મળેલ માહિતી અંગેની વિગતો અત્રે મળેલ છે. પરંતુ અરજદારે નહીં મળેલ માહિતી અંગે કોઈ વિગતો પૂરક વિગતોમાં જણાવેલ નથી.

અરજદારની આઈ ડી નં.૫૯૬ તા.૩૦–૮–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનમાં કરવામાં આવેલ. જેના અનુસંધાને ઈ.ચા.ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.ન.૯૨૯ તા.૪–૧૦–૧૦ થી "(૧) વોર્ડ નં.૯ નોંધ નં.૧૨૬૫–૬૬ થી નોંધાયેલ મિલ્કતની આકારણી રીવીઝન વર્ષ–૨૦૦૧–૨૦૦૨ ની સાલમાં રીવીઝન સર્વેયરની સ્થળ તપાસમાં મિલકતનું નવું આર.સી.સી. બાંધકામ માલુમ પડતા રજૂ કરવામાં આવેલ પુરાવાઓને આધારે ટેના નં.૦૯બી–૦૩–૧૯૧૧–૦–૦૦૧ ભરતકુમાર ચંપકલાલ કાપડીયાને નામે તેમજ ટેના નં. ૦૯બી–૦૩– ૧૯૧૧ –૦–૦૦૨ નિતિન ચંપકલાલ કાપડીયાના નામે તથા ટેના નં.૦૯બી–૦૩–૧૯૧૫–૦–૦૦૧ થી શ્રી સુરત વિસનગર નાગર બ્રાહમણ પંચનું ટ્રસ્ટના નામે તા.૧/૪/૨૦૦૧ થી આકારણી દાખલ કરવામાં આવેલ છે. સદર આકારણી ભોંયળું તથા પ્રથમ માળની દાખલ કરવામાં આવેલ છે. (૨) વોર્ડ નં.૯ નોંધ નં.૧૨૬૫–૬૬ થી નોંધાયેલ મિલકતની દાખલ કરવામાં આવેલ આકારણી અંગેની માલિકીને આપવામાં આવેલ ખાસ નોટીસની નકલ આ સાથે સામેલ છે. (૩) વોર્ડ નં.૯ નોંધ નં.૧૨૬૫–૬૬ થી નોંધાયેલ મિલ્કતની સને ૧૯૮૬ થી માંગવામાં આવેલ એસેસમેન્ટ રજીસ્ટરની નકલ આ સાથે સામેલ છે. (પાના નંગ–૩૦) (૪) વોર્ડ નં.૯ નોંધ નં.૧૨૬૫–૬૬ થી નોંધાયેલ મિલકતની સને ૧૯૮૬ થી માંગવામાં આવેલ ડીમાન્ડ રજીસ્ટરની ઉપલબ્ધ નકલ આ સાથે સામેલ છે. (પાના નં ૧૪૦) તથા ચેરીટેબલ ટ્રસ્ટ હોવાથી ચેરીટી કમિ.શ્રીની પરવાનગી, પ્લાન મંજુરી વખતે ટ્રસ્ટી અને માલિકોની સંમતિની નકલ માંગેલ છે. સદર બાબતે સેન્ટ્રલઝોન ઉપલબ્ધ રેકર્ડ જોતાં કોઈ વિગતો ઉપલબ્ધ નથી." તેવી માહિતી પૂરી પાડેલ છે. જે બાબતે અરજદારે તા.૪–૧૦–૧૦ ના મળેલા જવાબના પ્રતિભાવથી નારાજ થઈ પૂરેપૂરી વિગત મળેલ નથી તેવું જણાવી. તા.૨૮–૧૦–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે (૧) ટેના નં.૦૯બી–૦૩–૧૯૧૧–૦–૦૦૩ , ટેના નં.૦૯બી–૦૩– ૧૯૧૧–૧–૦૦૭, ટેના નં.૦૯બી–૦૩–૧૯૧૧–૧–૦૦૮ ખાસ નોટીસની વિગત મળેલ નથી અને નોટીસની વિગતો અધૂરી હોય તેવી રજૂઆત કરેલ છે. (૨) સદર બિલ્ડીંગમાં પાર્કીંગ તરીકે વેરો દાખલ હોય તો ૧૯૯૬ થી એસેસમેન્ટની નકલ (૩) આ જમીન ચેરીટેબલ ટ્રસ્ટની હોય તો ચોપડે આ જમીન કોના નામે બોલાય છે તે જણાવશો. (૪) ૧૯૮૬ થી એસેસમેન્ટ નકલ માંગી હતી જેમાં સને ૧૯૮૮–૮૯,૧૯૯૦–૯૧,૧૯૯૨–૯૩, ૧૯૯૩–૯૪, ૧૯૯૭–૯૮, ૧૯૯૮–૯૯, ૧૯૯૯–૨૦૦૦, ૨૦૦૦–૦૧, ૨૦૦૨–૦૩, ૨૦૦૩–૦૪, ૨૦૦૪–૦૫, ૨૦૦૬–૦૭, ૨૦૦૮–૦૯ની આપેલ નથી. (૫) ૧૯૮૬ થી ડીમાન્ડ રજીસ્ટરની નકલ માંગી હતી પરંતુ ૧૯૯૦–૯૧ ,૧૯૯૧–૯૨, ૧૯૯૯–૨૦૦૦, ૨૦૦૧–૦૨, આપેલ નથી. (૬) વેરાબીલની ૧૯૮૬ થી કોને ચૂકવણી કરી તેમજ કેસ કે ચેકથી કરી તે આપેલ જણાતું નથી. (૭) મુદ્દા નં.૧ થી માંગેલ માહિતીમાં તેનો સમાવેશ છે. (૮) ના પેટા મુદ્દા નં.૧ થી ૫ માં અગાઉના મુદ્દા નં.૩,૪ અને ૫ ની માહિતીમાં તેનો સમાવેશ થયેલ છે. મુદ્દા નં.૮(૬) થી બિલ્ડીંગના બાંધકામને લગતી સ્ટ્રકચર ડીઝાઈન પાર્કીંગના

બાંધકામ તથા અન્ય બાંધકામ ઓ.ટી.એસ. બાંધકામ પ્લાન પાસ વિગેરેની અપીલ તબકકે રજૂઆત કરેલ છે. રજુ થયેલ માહિતીની વિગતો જોતાં, અરજદારે મુદ્દા નં.૧ માં જણાવેલ લોકેશનવાળા બીલો જોતાં સદર લોકેશનની ખાસ નોટીસમાં ૦૯બી–૦૩–૧૯૧૧–૦–૦૦૧, અને ૦૦૨ ની માહિતી દર્શાવેલ છે. એટલે કે ઓકયુપાયર નં.૦૦૩ જણાતો નથી. વધુમાં સદરહુ લોકેશનના ઓકયુપાયર નં. ૦૯બી–૦૩–૧૯૧૧–૧–૦૦૭ ,૦૯બી–૦૩–૧૯૧૧–૧–૦૦૮ એટલ ે કે નળ જોડાણને લગતા બીલો છે તેથી તેની ખાસ નોટીસ હોઈ શકે નહીં. તે અંગેની ખાસ નોટીસનો પ્રશ્ન રહેતો નથી. મુદ્દા નં.૨ માં અરજદારની ૦૯બી–૦૩–૧૯૧૧–૦–૦૦૧ માં પાર્કીગ તરીકે વાર્ષિક ભાડા આકારણી ૧૪૪૦ તા.૧–૪–૦૧ થી દાખલ હોવાની ખાસ નોટીસની નકલ અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં.૩ અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી ચેરીટેબલ ટ્રસ્ટ હોવાથી કમિ.શ્રી ની પરવાનગી પ્લાન મંજુરી ચેરીટેબલ ટ્રસ્ટની સંમતિ ઉપલબ્ધ રેડર્ક જોતાં ઉપલબ્ધ ન હોવાની માહિતી પૂરી પાડેલ છે. પરંતુ ખાસ નોટીસ જોતાં ટેના નં.૦૯બી–૦૩–૧૯૧૫–૦–૦૦૧ પ્રથમ કરપાત્ર તરીકે સુરત વિસનગર નાગર બ્રાહમણ પંચનું ટ્રસ્ટ તરીકે દાખલ છે તેમજ વપરાશના પ્રકારના મંદિર અને કબ્જેદાર તરીકે હાટકેશ્વર મહાદેવના મંદિર દર્શાવેલ છે. વધુમાં તેમાં સમાન્ય વેરો તથા શિક્ષણ વેરા માફ હોવાનું પણ જણાવેલ છે પરંતુ ચેરીટેબલ કમિટિની માહિતી અંગે લાગત જાહેર સત્તા મંડળને અરજી તબદીલ થયેલ જણાયેલ નથી. મુદ્દા નં.૪ એસેસમેન્ટ રજીસ્ટર કાયમી રેકર્ડ હોઈ સદરહુ વર્ષની રેકર્ડની નકલ દફતરે ઉપલબ્ધ હોવાનું અનુમાનિત છે તેથી મુદ્દા નં.૪ માં નહીં પૂરી પડાયેલ માહિતી પૂરી પાડવાની રહે. મુદ્દા નં.૫ જણાવેલ બીલોની વિગતો પૂરી પાડેલ નથી જે ડીમાન્ડ રજીસ્ટર ન હોય તો પાર્ટી સ્ટેટસ કે અન્ય વિગત ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની રહે. મુદ્દા નં.૬ અરજદારને આપેલ માહિતીમાં ચૂકવણી અંગેની ઉપલબ્ધ વિગતોની માહિતી પૂરી પાડવાની રહે. મુદ્દા નં.૭ ની માહિતીનો સમાવેશ મુદ્દા નં.૧ માં થયેલ છે. મુદ્દા નં.૮ માં પેટા મુદ્દા નં. ૧ થી ૫ નો સમાવેશ મુદ્દા નં.૩ ,૪ અને ૫ માં થયેલ છે. મુદ્દા નં.૮(૬) માં જે વિગતો માંગવામાં આવેલ છે તે અરજદારે અપીલ તબકકે મુળ અરજીથી અલાયદી માંગણી કરેલ છે. બીલો કે ચુકવણીની વિગતો પૈકીની જે વિગતો દફતરે ઉપલબ્ધ ન હોય કે રાખવામાં આવતી ન હોય તે અંગે જાહેર માહિતી અધિકારીએ અરજદારને સ્પષ્ટ સુચિત કરવાનું રહે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૩૦–૮–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલ મુદ્દા નં.૧ ની અપીલમાં જણાવેલ મુદ્દા નં.૫ માં જણાવેલ વર્ષોની વેરા અંગેની માહિતી જયારે મુદ્દા નં.૩ ની અપીલના મુદ્દા નં.૪ માં જણાવેલ એસેસમેન્ટ નકલોની નહી પૂરી પડાયેલી દફતરી માહિતી જરૂર જણાયે બાબત હેઠળના દફતરની તપાસણીની તક પૂરી પાડી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા તથા ચેરીટી કમિશનરને લગતી માહિતી અંગે લાગત જાહેર સત્તા મંડળને દિન–૫માં અરજદારની જાણ હેઠળ કલમ ૬(૩) હેઠળ તબદીલ કરવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે. અરજદારની મુદ્દા નં.૮ (૬) થી મુળ અરજીથી અપીલ તબકકે ઉપસ્થિત કરેલ પૂરક પ્રશ્ન અંગે અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૨–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ....જાણ તથા અમલ માટે .
(૨) શ્રી રમેશચંદ્ર મહેન્દ્રલાલ મહેતા